**Extra No. 214**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]  MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ**ના તારીખઃ **૨૦મી મે, ૨૦૨૫** ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ **જીટી/૨૦૨૫/૦૭/આઈબીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૦/૨૦૨૩/૦૮૦૨/બી.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Joint Director of Information, Class I, in the**

**General State Service under the Directorate of Information, Gujarat State, Recruitment Rules, 2025**

**માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં,**

**સંયુક્ત માહિતી નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી મે, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીટી/૨૦૨૫/૦૭/આઈબીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૦/૨૦૨૩/૦૮૦૨/બી:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત માહિતી નિયામક, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત માહિતી નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, *રાજ્યપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત માહિતી નિયામક, વર્ગ ૧-ની જગા પર નિમણૂક, જેણે-

(ક) માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ માહિતી નિયામક, વર્ગ ૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(ખ) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય:

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "ખૂબ સારા"નો આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિઓને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દીપ પટેલ,**

સરકારના ઉપસચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:01:46 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar